# આણંદ કૃષિ યુનિવર્સીટી દ્વારા ડૉ.બાબાસાહેબ ભીમરાવ આંબેડકર ની ૧૨૫ મી જન્મ જયંતી વર્ષ અંતર્ગત નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન.

ડૉ.બાબાસાહેબ ભીમરાવ આંબેડકર ની ૧૨૫ મી જન્મ જયંતી વર્ષ અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સીટી ના વિદ્યાથીઓ ડૉ.બાબાસાહેબ ભીમરાવ આંબેડકર ના જીવન માંથી શીખ તેમજ બોધપાઠ લે તે આસય સહ  ઇન્ટરનેશનલ એગ્રીબિઝનેશ મેનેજમેન્ટ ઇન્સ્ટીટયૂટ, આકૃયુ, આણંદ અને નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ, આકૃયુ, આણંદ ધ્વારા વિદ્યાર્થીઓ માટે તા.૧૯/૦૪/૨૦૧૯ ના રોજ "ડૉ.બાબાસાહેબ આંબેડકર અને સમાજિક ન્યાય" વિષય ઉપર નિબંધ સ્પર્ધા નું સહિયારું આયોજન કરવામાં આવેલ હતું. આ નિબંધ સ્પર્ધા માં આણંદ કૃષિ યુનિવર્સીટી ની જુદીજુદી સંસ્થા ના કુલ ૩૯ વિદ્યાર્થીઓ એ ભાગ લીધેલ હતો. આ નિબંધ સ્પર્ધામાં પ્રથમ સ્થાન કોલેજ ઓફ એગ્રીકલ્ચર ,જબુગામ ના શ્રી. મવાની વિવેક એચ., દ્વિતીય સ્થાન કોલેજ ઓફ એગ્રીકલ્ચર,વસો ના શ્રી. પુરબીયા વિકાસભાઈ સુરેશભાઈ  અને તૃતીય સ્થાન કોલેજ ઓફ એફ.પી.ટી. અને બી.ઈ.ના શ્રી. નિર્ભયકુમાર એ મેળવેલ છે. માન.કુલપતિશ્રી ડૉ.એન.સી.પટેલ, આકૃયુ, આણંદ, ડૉ.વાય.સી.ઝાલા,પ્રિન્સીપાલ અને ડીન, ઇન્ટરનેશનલ એગ્રીબિઝનેશ મેનેજમેન્ટ ઇન્સ્ટીટયૂટ, આકૃયુ, આણંદ અને ડૉ.એસ.એચ.અકબરી, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ, આકૃયુ, આણંદ ધ્વારા બધા વિદ્યાર્થીઓ ને નિબંધ સ્પર્ધામાં ઉત્સાહ પૂર્વક ભાગ લેવા બદલ અભિનંદન પાઠવવામાં આવે છે.